આક્ષેપોથી કોંગ્રેસ વધુ મજબૂતિ સાથે ઉભરશે : પ્રિયંકા

રાયબરેલી,તા. ૨૨

પરિવાર અને પતિ રોબર્ટ વાઢેરાની પ્રતિષ્ઠા ખરડવાના પ્રયાસ કરવા બદલ વિરોધ પક્ષોની ઝાટકણી કાઢતા પ્રિયંકા ગાંધી વાઢેરાએ આજે પ્રથમ વખત પોતાના પતિનો ખુલ્લી રીતે બચાવ કર્યો હતો અને કહ્યું હતું કે, જે પ્રકારના આક્ષેપો કરવામાં આવી રહ્યા છે તેનાથી ખુબ જ આઘાતમાં છે. સાથે સાથે આ આક્ષેપો થયા બાદ પાર્ટીને વધુ મજબૂતી મળી શકે છે. ગાંધીએ કહ્યું હતું કે, તેમના પરિવારને બદનામ કરવાના પ્રયાસ થઇ રહ્યા છે. સોનિયા ગાંધીના પ્રચાર માટે રાયબરેલી પહોંચેલા પ્રિયંકા ગાંધીએ કોંગ્રેસને મત આપવા લોકોને અપીલ કરી હતી. માતા-પુત્રએ ભેગા મળીને દેશને બરબાદ કર્યો છે તેવા નરેન્દ્ર મોદીના આક્ષેપ બાદ જવાબ આપતા પ્રિયંકાએ કહ્યું હતું કે, તેમની માતાને દેશના લોકો સ્વીકારી ચુક્યા છે. સાથે સાથે એમ પણ કહ્યું હતું કે, પરિવારને બદનામ કરવાના પ્રયાસ થઇ રહ્યા છે. પ્રિયંકાએ ભાવનાશીલ નિવેદન કર્યું હતું. તેમણે કહ્યું હતું કે, પરિવારના સંદર્ભમાં કડવી વાતો કરવામાં આવી રહી છે. તેમના પરિવારને છેલ્લા બે વર્ષથી ટાર્ગેટ બનાવવામાં આવ્યા છે પરંતુ અમને જેટલા અપમાનિત કરવામાં આવશે તેટલી જ રીતે અમે મજબૂત બનીશું. પ્રિયંકાએ કહ્યું હતું કે, પ્રજાની અંદર ઝેર ઘોળવવાના કામ કરવામાં આવી રહ્યા છે. માત્ર સોનિયા ગાંધી માટે જ નહીં બલ્કે દેશના લોકો માટે મત આપવા પ્રિયંકાએ અપીલ કરી હતી. કોંગ્રેસે દેશને લૂંટવાનું કામ કર્યું છે એવા આરોપ અંગે જવાબમાં પ્રિયંકાએ કહ્યું હતું કે, આ વાત સ્વીકારી લેવાશે તેમ અમે માનતા નથી. રોબર્ટ વાઢેરા ઉપર મુકવામાં આવેલા આક્ષેપો અંગે પણ પ્રિયંકાએ વાત કરી હતી અને કહ્યું હતું કે, તેમના પતિ સામે જે આક્ષેપ થયા તેનાથી દુખ થયું છે. વિરોધી પક્ષો રાજકીય લાભ લેવા તેમના પતિનો ઉપયોગ કરી રહ્યા છે. આ અગાઉ કોંગ્રેસના મહાસચિવ દિગ્વિજયસિંહે પણ વાઢેરાનો બચાવ કર્યો હતો અને કહ્યું હતું કે, પ્રિયંકા સાથે લગ્ન કરીને વાઢેરાએ કોઇ ગુનો કર્યો નથી. રાયબરેલીના લોકો સાથે તેમની પાર્ટીના ખુબ સારા સંબંધ રહ્યા છે. અંગ્રેજી અખબાર વોલસ્ટ્રીટ જનરલના ખુલાસા બાદ રોબર્ટ વાઢેરાને લઇને છેલ્લા ઘણા દિવસથી રાજકીય વાતાવરણમાં ગરમી રહી છે. ભાજપના નેતા આને ચૂંટણી મુદ્દો બનાવી ચુક્યા છે. જો કે, પ્રિયંકાએ આજે પણ તેમના પતિ નિર્દોષ છે કે કેમ તે અંગે કોઇ ખુલાસો કર્યો ન હતો. વિદેશી કુળના સોનિયા ગાંધીના મુદ્દાને પણ ઉઠાવવામાં આવ્યો હતો. તેમણે કહ્યું હતું કે, દેશની સંસ્કૃતિ તેમને અપનાવી લીધા છે. કોંગ્રેસ પાર્ટી જાતિ, સમુદાય અને ધર્મના આધાર પર લોકોને વિભાજિત કરવામાં વિશ્વાસ કરતી પાર્ટીને ક્યારે પણ સાથ આપશે નહીં.

આડેધડ નિવેદન નહીં કરવા શુભેચ્છકોને મોદીની સલાહ

નવી દિલ્હી,તા. ૨૨

ગુજરાતના મુખ્યપ્રધાન અને ભાજપના વડાપ્રધાનપદના ઉમેદવાર નરેન્દ્ર મોદીએ આજે પ્રવિણ તોગડિયા અને ગિરીરાજસિંહ જેવા નેતાઓ દ્વારા કરવામાં આવેલા વિવાદાસ્પદ નિવેદન અંગે પ્રતિક્રિયા આપી હતી. આ પ્રકારના બિનજવાદારીપૂર્વકના નિવેદનથી દૂર રહેવા મોદીએ પોતાના શુભેચ્છકોને સ્પષ્ટ સલાહ આપી હતી. આનાથી વિકાસ અને ગુડ ગવર્નન્સ જેવા મુદ્દાઓથી પ્રચાર દરમિયાન લોકોનું ધ્યાન અન્યત્ર ખેંચાશે. આ પ્રકારના નિવેદન ન કરવા તેઓએ અપીલ કરી હતી. મોદીનો વિરોધ કરનાર લોકોને પાકિસ્તાન જવુ પડશે તેવા બિનજવાબદારીપૂર્વકના નિવેદન કરનાર ભાજપના નેતા ગિરિરાજ સિંહની મોદીએ પોતે ટિકા કરી છે. સાથે સાથે વિશ્વ હિન્દુ પરિષદના નેતા પ્રવીણ તોગડિયાની પણ તેમના નિવેદન બદલ ટિકા કરી છે. મોદીએ કઠોર શબ્દોમાં આ બન્નેની ટિકા કરીને આવા માહોલમાં આ પ્રકારના નિવેદન ન કરવા અપીલ

કરી છે. કોઇના પણ નામનો ઉલ્લેખ કર્યા વગર મોદીએ ટ્વીટર પર એવા કોઇ પણ બિનજવાબદારીપૂર્વકના નિવેદનને ફગાવી દીધા છે. એક ટીવી ચેનલને આપેલી મુલાકાતમાં મોદીએ કહ્યું છે કે વર્ષ ૨૦૦૨માં તેમના ભાષણ સાથે સંબંધિત એક વિડિયો તમારી પાસે હશે . જેમાં વર્ષ ૨૦૦૨ની ચૂંટણી જીત્યા બાદ મણિનગરમાં તેઓ લોકોનો આભાર માનવા માટે પહોંચ્યા હતા. એ સમય તોએ ભાષણ આપ્યું હતુ જેમાં તેમને કહ્યું હતું કે આ સરકાર તેમની છે. આ સરકાર એવા લોકોની પણ છે જે લોકો તેમની સરકારની વિરુદ્ધમાં મતદાન કરીને આવ્યા છે. આ સરકાર એ લોકોની પણ છે જે મત આપવા માટે ગયા ન હતા. મોદીએ કહ્યું છે કે તેઓ આ પ્રકારના નિવેદન કરનાર લોકોને સાવધાન રહેવાની સલાહ આપે છે. મોદીએ કહ્યું હતું કે અમને ખુશી છે કે તમામ દેશવાસીઓ સુશાસન અને વિકાસના મુદ્દે ભાજપ તરફ જુવે છે. બિહાર ભાજપના નેતા સુશીલ કુમાર મોદી પહેલાથી ગિરિરાજના નિવેદનને ફગાવી ચુક્યા છે. ગિરિરાજે શનિવારે કહ્યું હતું કે જે લોકો નરેન્દ્ર મોદીને રોકવા જઇ રહ્યા છે તે લોકો પાકિસ્તાન તરફ જોઇ રહ્યા છે. આવનાર દિવસોમાં તેમના માટે ભારતમાં કોઇ જગ્યા રહેશે નહી. આ રેલીમાં ભાજપના પૂર્વ અધ્યક્ષ ગડકરી પણ હાજર રહ્યા હતા. બીજી વિશ્વ હિન્દુ પરિષદના નેતા પ્રવિણ તોગડિયાએ હાલમાં કહ્યું છે કે હિન્દુ વિસ્તારોમાં મુસ્લિમોને પ્રોપર્ટી ખરીદતા રોકવાની જરૂર છે.

ઉથલપાથલ વચ્ચે સેંસેક્સ ફરી ઘટી ૨૨૭૫૮ની સપાટી ઉપર

મુંબઈ,તા. ૨૨

ભારતીય શેરબજારમાં આજે મંદીનું મોજુ ફરી વળ્યું હતું પરંતુ કારોબારના અંતે સેંસેક્સ ઓલટાઇમ હાઇ સપાટીએ જ રહ્યો હતો. સેંસેક્સ ઇન્ટ્રા ડે દરમિયાન ૨૨૮૫૩ની ઉંચી સપાટી સુધી પહોંચ્યો હતો. આવી જ રીતે કારોબારના અંતે નિફ્ટીમાં પણ મહત્વની સપાટી જોવા મળી હતી. ઉથલપાથલના અંતે બજાર નેગેટિવ ઝોનમાં રહ્યા હતા. સેંસેક્સ ૬.૪૬ પોઇન્ટ ઘટીને ૨૨૭૫૮ની સપાટી રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૨.૩૦ પોઇન્ટ ઘટીને ૬૮૧૫ની સપાટીએ રહ્યો હતો. એપ્રિલની સીરીઝમાં શેરબજારમાં નકારાત્મક અને હકારાત્મક માહોલ રહ્યો હતો. નવી સિરિઝ પણ અલગ નહીં રહે તેવી શક્યતા છે. ૧૬મી મેના દિવસે ચૂંટણીના પરિણામો જાહેર કરવામાં આવનાર છે. આનાથી બજારની દિશા નક્કી થશે. કેટલાક લોકોનું કહેવું છે કે, નિફ્ટીને બેંક તરફથી ટેકો મળી શકે છે. એફઆઈઆઈનો પ્રવાહ પણ ચૂંટણી વેળા યથાવતરીતે જારી રહી શકે છે. શેરબજારમાં આજે ઘણા શેરમાં તેજી અને અનેક શેરમાં મંદી રહી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, શેરબજારમાં ગઇકાલે તેજી જોવા મળી હતી. કારોબારના અંતે સેંસેક્સમાં ૧૩૬ પોઈન્ટનો ઉછાળો નોંધાતા તેની સપાટી ૨૨૭૬૫ નોંધાઈ હતી. રિલાયન્સ ઇન્ડસ્ટ્રીના નેતૃત્વમાં બ્લુચીપ દ્વારા કમાણીના આંકડા જારી કરવામાં આવ્યા બાદ તેના ઉપર તમામની નજર રહી હતી. ગુરુવારના દિવસે સેંસેક્સમાં ૩૫૨ પોઇન્ટનો મોટો ઉછાળો રહ્યો હતો. ઇન્ટ્રા ડે દરમિયાન ઉતારચઢાવની સ્થિતિ રહી હતી. એપ્રિલમાં એફએન્ડઓની પૂર્ણાહૂતિ વચ્ચે બજારમાં ફ્લેટ સ્થિતિ રહી હતી. ઇન્ફોસીસ, આઈટીસી, સેસા સ્ટરલાઇટમાં નબળાઈ જોવા મળી હતી. સેંસેક્સ અને નિફ્ટી ઓલટાઇમ હાઈ સપાટીએ પહોંચ્યા બાદ બેંચમાર્ક ઇન્ડેક્સ નબળાઈ સાથે બંધ રહ્યા હતા. બજાર આ સપ્તાહમાં ઉથલપાથલમાં રહે તેવી શક્યતા છે. સેંસેક્સ અને નિફ્ટી બંને આજે સતત બીજા કારોબાર દરમિયાન ઉંચી સપાટીએ પહોંચ્યા હતા. એક વખતે સેંસેક્સ ૨૨૮૫૩ સુધી પહોંચ્યો હતો. બ્રોડર માર્કેટમાં મંદી રહી હતી. સેક્ટરલ મોરચે બીએસઈ કેપિટલ ગુડ્ઝ, ઓઈલ એન્ડ ગેસ ઇન્ડેક્સમાં એક-એક ટકાનો સુધારો રહ્યો હતો જ્યારે બીએસઇ મેટલ, આઈટી, રિયાલીટી, પાવર, ઓટો અને એફએમસીજી ઇન્ડેક્સમાં ૦.૩-૦.૬ ટકાનો ઘટાડો રહ્યો હતો.

કાળા નાણાંની તપાસની વિગત આપવા સુપ્રીમનો સ્પષ્ટ હુકમ

નવીદિલ્હી,તા. ૨૨

સુપ્રીમ કોર્ટે કાળા નાણાંના સંદર્ભમાં પણ આજે આક્રમક વલણ અપનાવ્યું હતું. સુપ્રીમ કોર્ટે અરજીદારની કાળાનાણાંની તપાસના સંદર્ભમાં વિગતો ઉપલબ્ધ કરાવવા સરકારને આદેશ કર્યો હતો. કાળા નાણાંના મુદ્દે સીટને તપાસ સોંપવા સહિત તેના આદેશને નહીં પાડવા બદલ કેન્દ્ર સરકારની જોરદાર ઝાટકણી કાઢી હતી. સુપ્રીમ કોર્ટે અગાઉ કાળા નાણાંના તમામ કેસોમાં તપાસ કરવા ખાસ તપાસ ટીમની રચના કરવા માટેના તેના આદેશને પરત ખેંચવા માટે કેન્દ્રની અરજીને ફગાવી દીધી હતી અને કહ્યું હતું કે, સરકાર છ દશકથી વિદેશી બેંકોમાં પડેલા કાળા નાણાંને પરત લાવવામાં નિષ્ફળ ગઇ છે. ચોથી જુલાઈ ૨૦૧૧ના દિવસ સુધી સુપ્રીમ કોર્ટે કેટલાક સૂચનો પાળવા માટે પણ કહ્યું હતું. કાળા નાણાંમાં તપાસ કરવા સામે સંબંધિત તમામ મુદ્દાઓમાં નિરીક્ષણ કરવા સરકાર દ્વારા રચવામાં આવેલી હાઈલેવલ કમિટિ (એચએલસી)ને સીટમાં ફેરવી દેવા સૂચના આપી હતી. તેના વડા તરીકે સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ જજ જીવણ રેડ્ડીની નિમણૂંક કરવાં આવી હતી. ૧૩ સભ્યના સીટના વાઇસ ચેરમેન તરીકે સુપ્રીમ

કોર્ટના અન્ય નિવૃત્ત એમડી શાહની નિમણૂંક કરવામાં આવી હતી. આ સમિતિમાં સીબીઆઈ, ઇન્ટેલીજન્સ બ્યુરો, ઇન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ, સીબીડીટીના ચેરમેન, ડિરેક્ટર જનરલ ઓફ રેવન્યુ ઇન્ટેલીજન્સ, ડિરેક્ટર જનરલ ઓફ નાર્કોટિક્સ કન્ટ્રોલ, ડિરેક્ટર ઓફ ફોરેન ઇન્ટેલીજન્સ ઓફિસ, જોઇન્ટ સેક્રેટરી ઓફ ફોરેન ટ્રેડના અધિકારીઓની વરણી કરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટે આજે કાળા નાણાંને લઇને વિગતો ઉપલબ્ધ કરાવવા સરકારને આદેશ કર્યા બાદ સમગ્ર મામલે ફરી એકવાર ગરમ થઇ ગયો છે. લોકસભાની ચૂંટણીમાં પ્રચાર ચરમસીમા પર છે ત્યારે હવે આ મામલાને ફરીએકવાર તમામ રાજકીય પક્ષો અને ખાસ કરીને ભાજપ દ્વારા ચગાવવામાં આવે તેવી શક્યતા છે. વિદેશમાં પડેલા કાળા નાણાંને ભારતમાં લાવવા માટે યોગગુરુ બાબા રામદેવે ભારે હોબાળો મચાવ્યો છે. આ ઉપરાંત ભાજપે પણ કાળા નાણાંને ભારત લાવવાની ખાતરી આપી છે.

સમાચાર ઝલક

- *બેંકોમાં પાંચ દિવસનું સપ્તાહ લાવવાની તૈયારી.*
- *અમેરિકાની વિશ્વવિખ્યાત યુનિવર્સિટીઓએ ભારતીય વિદ્યાર્થીઓને ભણવા માટે લીલીઝંડી આપી.*
- *ટાઇમ મેગેઝીનમાં સૌથી પ્રભાવશાળી વ્યક્તિઓની યાદીમાં અરવિંદ કેજરીવાલ પ્રથમ.*
- *જી.ડી.પી. વૃદ્ધિ દર પાંચ વર્ષ સુધી ૬.૫ ટકાથી વધશે નહીં, ક્રિસીલની ધારણા.*
- *નકસલવાદ પ્રભાવિત વિસ્તારમાંથી વિસ્ફોટકોનો મોટો જથ્થો મળી આવ્યો, ચૂંટણીપંચની કડકાઇનો પ્રભાવ.*
- *સૂરતમાં આરટીઓનું બોગસ ચલણ કૌભાંડ, પોણા ચાર કરોડનો ચુનો.*
- *શેરબજારમાં રૂા. ૬૩૮૩ કરોડનું એપ્રિલ માસમાં રોકાણ થયું.*
- *લોકસભાની ચૂંટણી પછી વિધાનસભા ચૂંટણીમાં પાંચ રાજ્યોમાં ઉમેદવારોનું ભાવિ ઘડાશે, મહારાષ્ટ્ર, હરિયાણા, ઝારખંડ, દિલ્હી, ઉત્તરાખંડ.*
- *કાશ્મીરમાં પ્રથમવાર લોકોએ ત્રાસવાદીનું ઘર સળગાવી દીધું.*
- *૨૯,૦૦૦ થી વધુ લોકો કાર અને મકાન ધરાવતાં હોવા છતાં ખોટી રીતે ખાદ્ય સુરક્ષા યોજનાનો લાભ લે છે, સરકારની કામગીરી નિષ્ક્રિય.*
- *સૌરાષ્ટ્રમાં કમોસમી વરસાદથી કરોડોનું નુકશાન, ફક્ત ગોંડલ યાર્ડમાં ૧૫ કરોડનાં ધાણા પલળી ગયા.*
- *કલકત્તાની રૂપીજીવીકાના પુત્ર રાજિબ રોયનું ફૂટબોલ ક્ષેત્રે અદ્‌ભૂત કૂચ.*
- *મોરબીમાં પેંતરાબાજ પીએસઆઇ ૩,૦૦૦ હજારની લાંચ લેતા ઝડપાયા.*
- *ગીરનાર જંગલમાં માત્ર બાણેજ પુજારીનો એક મત જ છે, તે માટે ચૂંટણી માળખું ગોઠવાયું, ૬ કર્મચારીઓની વ્યવસ્થા.*
- *સૂરતમાં ૧૩ વર્ષની સગીર પુત્રી પર બળાત્કાર કરનાર હેવાન બાપની ધરપકડ.*
- *પુત્રવધુને દીકરી જેટલો પ્રેમ આપશો તો ક્યારેય ઘરમાં કંકાશ નહિ થાય : કેશુબાપા.*
- *નોકિયા મોબાઇલ બનશે હવે માઇક્રોસોફ્ટ મોબાઇલ.*
- *૧૬ વર્ષના કિશોરે પ્લેનનાં પૈડામાં છુપાઇને પાંચ કલાક ઠંડી અને અપૂરતાં ઓક્સીજન સાથે મુસાફરી કરી.*
- *સલમાનખાનની બહેન અર્પિતા આયુષ શર્મા સાથે સગાઇ કરશે.*

ટીસીએસ વિશ્વની ટોપ-૧૦ વૈશ્વિક કંપનીમાં સામેલ

બેંગલોર,તા. ૨૨

ભારતીય ટેકનોલોજી ઇન્ડસ્ટ્રીઝે નવી સિદ્ધી મેળવી લીધી છે. કારણ કે દેશની સૌથી મોટી આઇટી સર્વિસ ઉપલબ્ધ કરાવનાર કંપની ટીસીસ દુનિયાની ટોપ ટેન વૈશ્વિક કંપનીમાં સામેલ થઇ ગઇ છે. વર્ષ ૨૦૧૨માં ટીસીએસ આ યાદીમાં ૧૩માં સ્થાને હતી જે હવે વર્ષ ૨૦૧૩માં દસમાં સ્થાને પહોંચી ગઇ છે. ૧૨ વર્ષ અગાઉ જ્યારે ટીસીએસની મહેસુલી આવક એક અબજ ડોલરની સપાટી પર પહોંચી ત્યારે કંપનીના સીઇઓ એસ રામાદોરઇ દ્વારા વર્ષ ૨૦૧૦ સુધી કંપનીને દુનિયાની ટોપ ટેન કંપનીમાં સામેલ કરવાની વાત કરી હતી અને કહ્યું હતું કે આ ટાર્ગેટને હાસલ કરવા માટે બનતા તમામ પ્રયાસો કરવામાં આવશે. પરંતુ વર્ષ ૨૦૦૮-૦૯માં આવેલી આર્થિક મંદીના કારણે હાલત કફોડી બની ગઇ હતી. જેથી કંપનીને ટાર્ગેટને હાંસલ કરવામાં સફળતા મળી નથી. પરંતુ હવે કંપની ટોપ ટેનમાં સ્થાન મેળવી લેવામાં સફળ રહી છે. આવનાર સમયમાં તેની રેકિંગમાં હજુ જોરદાર સુધાર થાય તેવી વકી છે. ટીસીએસની આઇટી સર્વિસ મહેસુલી રકમ આશરે ૧૦.૧ અબજ ડોલરની થઇ ગઇ છે. કુલ રેવેન્યુની રકમ ૧૨.૫ અબજ ડોલર છે. આઇબીએમનો આંકડો ૫૪.૪ અબજ ડોલર છ. જ્યારે ફુજિત્સુનો આંકડો ૩૨.૧ અબજ ડોલર છે. હેવલેટ પેકાર્ડનો આંકડો ૨૯.૨ અબજ ડોલરનો રહ્યો છે. અસેન્ચરનો આંકડો ૨૫.૪ અબજ ડોલર રહ્યો છે. આ સર્વે અને્ભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે કંપની ખુબ સારો દેખાવ કરી રહી છે. આ રિસર્ચમાં કંપનીઓની આઇટી સર્વિસેઝની સરખામણી કરવામાં આવી છે. તેમાં બીપીઓ, આરએડી સર્વિસેઝનો સમાવેશ થાય છે. ઉપરાંત અન્ય કેટલીક બાબતોનો પણ સમાવેશ થાય છ. ભારતીય કંપનીઓ કોગ્નિજેન્ટ, ઇન્ફોસીસ, વિપ્રો અને એચસીએલપણ યાદીમાં સામેલ છે. આ રિસર્ચને કરતી વેળા અન્ય અનેક નાની બાબતોને પણ ધ્યાનમાં લેવામાં આવી છે. કોગ્નિજેન્ટ ૧૫માં ક્રમાંકે છે.

રાની મુખર્જીની સાથે અંતે આદિત્યે લગ્ન કરી લીધા

મુંબઈ,તા. ૨૨

બોલિવુડની લોકપ્રિય અભિનેત્રી રાની મુખર્જી સાથે આખરે ફિલ્મ નિર્માતા આદિત્ય ચોપડાએ લગ્ન કરી લીધા છે. આની સાથે જ છેલ્લા કેટલાક સમયથી ચાલતી અટકળોનો અંત આવી ગયો છે. બન્નેએ ગઇકાલે મોડી રાત્રે ઇટાલીમાં પરિવારના સભ્યો અને નજીકના મિત્રોની હાજરીમાં લગ્ન કરી લીધા હતા. યશરાજ ફિલ્મે પણ બન્નેના લગ્નના અહેવાલને સમર્થન આપ્યું છે. ફિલ્મ સમીક્ષક તરન આદર્શે પણ ટ્વિટર પર તેમના લગ્નના અહેવાલ અંગે માહિતી આપી છે. તેમણે કહ્યું છે કે રાની મુખર્જીએ ૨૧મી એપ્રિલના દિવસે ઇટાલીમાં લગ્ન કરી લીધા છે. તેમના લગ્ન ખુબ સામાન્ય કાર્યક્રમમાં થયા હતા. રાની મુખર્જી દ્વારા પણ ટ્વિટર પર નિવેદન જારી કરવામાં આવ્યું છે જેમાં રાનીએ કહ્યું છે કે તે લગ્ન કરી લઇને ખુબ ખુશ છે. તે પોતાની લાઇફના સૌથી મોટા દિવસને તમામ લોકો સાથે શેયર કરવા માંગે

છે. તમામ લોકો તેને વર્ષોથી ખુબ પસંદ કરી રહ્યા હતા. લાઇફના એક ચેપ્ટરમાં તે હવે પ્રવેશ કરી રહી છે. તેમના લગ્નને લઇને ઘણા વર્ષોથી ચર્ચા ચાલી રહી હતી. કોફી વિથ ધ કરણના શોમાં અભિનેત્રી કાજોલે પણ હાલમાં કહ્યું હતું કે તે ક્યારેય લગ્ન કરશે તે અંગે માહિતી મેળવવા ઇચ્છુક છે. વર્ષોથી તેમના પ્રેમ સંબંધોની ભારે ચર્ચા હતી. જુદા જુદા કાર્યક્રમમાં તે સાથે દેખાઇ રહ્યા હતા. યશરાજના કાર્યક્રમમાં પણ સાથે નજરે પડી રહ્યા હતા. બોલિવુડમાં તમામ લોકો માની રહ્યા હતા કે રાની ચોક્કસપણે આદિત્ય સાથે લગ્ન કરી લેશે. રાની મુખર્જીએ તમામ ત્રણેય ખાન સાથે ભૂમિકા કરી છે. જેમાં આમીરખાન, સલમાન ખાન અને શાહરૂખખાનનો સમાવેશ થયા છે. તેની મોટા ભાગની ફિલ્મો બોક્સ ઓફિસ પર સફળ રહી હતી. તેને ટોપની અભિનેત્રી તરીકે ગણવામાં આવતી હતી.તેમના લગ્નને લઇને હવે બોલિવુડમાં ભારે ચર્ચા જાગી છે. તેમને અભિનંદન પણ અપાયા છે.

સુપ્રીમ કોર્ટે બીસીસીઆઈ તરફથી સૂચવવામાં આવેલી ત્રણ સભ્યો તપાસ પેનલને ફગાવી

નવીદિલ્હી,તા. ૨૨

આઈપીએલ સ્પોટ ફિક્સિંગ કેસમાં સુપ્રીમ કોર્ટે બીસીસીઆઈ તરફથી સૂચવવામાં આવેલી ત્રણ સભ્યો તપાસ પેનલને ફગાવી દીધી છે. સુપ્રીમ કોર્ટે મુદ્ગલ કમિટિને પ્રશ્ન કર્યો છે કે, એન શ્રીનિવાસન સહિત આવા વરિષ્ઠ ક્રિકેટરોની સામે તપાસ કરવાની તેની ઇચ્છા છે કે કેમ જેના નામ બેટિંગ અને સ્પોટ ફિક્સિંગને લઇને રિપોર્ટમાં સામેલ કરવામાં આવ્યા છે. સુપ્રીમ કોર્ટે સાફ શબ્દોમાં કહ્યું છે કે જો મુદ્ગલ કમિટિ તપાસ કરવા માટે સહમત થાય છે તો તેને તપાસ સંસ્થાઓ તરફથી તમામ મદદ આપવામાં આવશે. મુડગલ કમિટિએ નવેમ્બર ૨૦૧૩થી જાન્યુઆરી ૨૦૧૪ વચ્ચેના ગાળામાં નિવેદનોની ઓડિયો રેકોર્ડિંગ કોર્ટને સોંપી હતી. તમામ રેકોર્ડિંગ પેનડ્રાઇવમાં કોર્ટમાં સોંપવામાં આવી હતી. બીજી બાજુ સુપ્રીમ કોર્ટે સીબીઆઈ અને પોલીસ તપાસ ઉપર વિશ્વાસ નહીં કરીને જસ્ટિસ મુડગલને પ્રશ્ન કર્યો છે કે, તેઓ એસઆઈટીના પ્રમુખ બનવા માટે તૈયાર છે કે કેમ. આઈપીએલ સ્પોટ ફિક્સિંગ મામલાની સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે બીસીસીઆઈની ત્રણ સભ્યોની તપાસ પેનલને ફગાવી દીધી હતી. અત્રે નોંધનીય છે કે, ક્રિકેટ બોર્ડે ભારે હોબાળો થયા બાદ સ્પોટ ફિક્સિંગ મામલાની તપાસ માટે પૂર્વ ક્રિકેટર રવિ શાસ્ત્રી, પૂર્વ સીબીઆઈ ડિરેક્ટર આરકે માધવન અને કોલકાતા હાઈકોર્ટના પૂર્વ ચીફ જસ્ટિસ જેએન પટેલના નામ સૂચવ્યા હતા. આ નામ ઉપર વાંધો ઉઠાવીને ક્રિકેટ એસોસીએશન ઓફ બિહારના પ્રમુખ આદિત્ય વર્માએ સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી હતી. આજે સુનાવણી દરમિયાન અરજીદારો અને ક્રિકેટ એસોસીએશન ઓફ બિહારના પ્રમુખ આદિત્ય વર્માએ બીસીસીઆઈની તપાસ કમિટિ ઉપર પ્રશ્નો ઉઠાવ્યા હતા. આ મામલામાં સુપ્રીમ કોર્ટમાં પોતાનો વિરોધ રજૂ કરવામાં આવ્યો હતો અને સીબીઆઈ પાસેથી અથવા તો એનઆઈએ મારફતે તપાસ કરાવવાની માંગ કરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટે ૧૬મી એપ્રિલના દિવસે સ્પોટ ફિક્સિંગ કેસની છેલ્લી સુનાવણી દરમિયાન નિષ્પક્ષ તપાસ માટે લોકોના નામ સૂચવવા કહ્યું હતું. કોર્ટે આના પર વિચારણા કરવા ૨૨મી એપ્રિલની તારીખ નક્કી કરી હતી. સુપ્રીમ કોર્ટે આજનો ચુકાદો આપતી વેળા કેટલાક મહત્વપૂર્ણ સૂચન પણ કર્યા હતા.

નવાં ક્લેવર (પાના નં. ૪ નું ચાલુ)

તે પછી તેણે બિસ્કીટ બારીમાંથી બહાર ફેંકી દીધું અને ચીંટુના પિતા તરફથી મોંઢુ ફેરવી ને બેસી ગયો. મંગળાનું આ વર્તન મને ગમ્યું. વિચાર આવ્યો કે બાળકમાં પણ કેટલું આત્મસન્માન છે. પણ મંગળાના આ વર્તનથી ચીંટુના પિતાને ચહેરો કાળો પડી ગયો. તે ગુસ્સે થયા. અને બોલ્યા 'તે કોઇ દિવસ બિસ્કીટનો સ્વાદ ચાખ્યો છે. આવું મોંઘુ બિસ્કીટ ફેંકી દીધું.' સાલ્લા ભુંડ.

મંગળાનું વર્તન તેની માં ને પણ ગમ્યું ન હતુ. તેમાં ચીંટુના પિતાની વાત સાંભળી તેનો ગુસ્સો વધી ગયો. તેણે મંગળાને ધડાધડ ત્રણ-ચાર ધબ્બા મારી દીધા. તે રોવા લાગ્યો. પેલા જે વૃદ્ધ વ્યક્તિએ મને જગા આપેલી તેણે મંગળાને માં ને અટકાવી અને ચીંટુના પિતાને કહ્યું, 'તમે પણ સાહેબ બાળકોની વાતમાં નક્કામા ગુસ્સે થાય છો. તમે તો ભણેલા ગણેલા છો.'

પોતે ભણેલ ગણેલ છે એ વાતના ઉલ્લેખથી ચીંટુના પિતા ભડક્યા. 'હાં, બરાબર છે મને ઉપદેશ આપવાની જરૂર નથી. તમારા ઉપર અહેસાન કરવો એ પણ ગુનો છે. ઈડિયટ!'

વૃદ્ધ વ્યક્તિ 'ઈડિયટ' શબ્દનો અર્થ તો કદાચ સમજી ન શક્યો પણ એટલું તો ખબર પડી જ કે તેના વિષે એ કંઇક ખરાબ બોલ્યા. તેથી તેણે તેની તરફ આંખો કાઢતાં કહ્યું, 'સાહેબ ગાળો શું કામ કાઢો છો? અમે કંઇ તમારૂં બગાડ્યું છે?' વૃદ્ધના આ શબ્દોમાં જે ચેતવણી હતી તેણે કુટુંબના બાકીના બધા સભ્યોને સાવધ કરી દીધા. અને બધા ચીંટુના પિતા તરફ ગુસ્સાથી જોવા લાગ્યા. ચીંટુના પિતાને ભયનો ઓથાર આવી ગયો. તે ગભરાઇ ગયા. ચીંટુની માં એ તેમને શાંત કરતા કહ્યું, 'નક્કામો ઝગડો શું કામ વધારો છો. જે થવાનું હતું તે થઇ ગયું.'

ચીંટુના પિતા પરિસ્થિતિ પારખીને ચુપ થઇ ગયા. એટલે ઝગડો ટળી ગયો. જેથી મને પણ જરા રાહત જણાઇ. મંગળાના કુટુંબના સભ્યોની નજર ઘડીભર માટે મારા તરફ કેન્દ્રીત થઇ ગઇ. તેઓ જાણે કે મારી સાર્થકતા પર પ્રશ્ન ઉઠાવી રહ્યાં હતા. પણ હું નિર્વિકાર ભાવે ચૂપ બેસી રહ્યો. જાણે કે મેં કંઇ જોયું કે સાંભળ્યું જ નથી.

મંગળાની માતાએ પોતાના રોતા છોકરાને ખોળામાં લઇ લીધો. થોડીવારમાં તેની આંખ મીંચાઇ ગઇ. ચીંટુ પણ અત્યારે તેની માં ના ખોળામાં સુઇ ગયો હતો. ચીંટુની માં એ ખાલી સીટ પર ટૂવાલ પાથરી તેને સુવડાવી દીધો. થોડી જ વારમાં બંને કુટુંબના સભ્યો ઊંઘવા લાગ્યા. હું જે સ્થિતિમાં બેઠો હતો તેમાં ઊંઘવાનો પ્રશ્ન જ નહોતો. આમ પણ મુસાફરીમાં મને ઊંઘ બહુ ઓછી આવે છે. તેથી હું મારી બેગમાંથી એક નવલકથા કાઢીને વાંચવા લાગ્યો.

સમય પસાર થતો ગયો. ટ્રેન ભાગતી રહી. અને હું નવલકથાનાં પાનાં પલટાવતો રહ્યો. જયાં નજર પડી તો બંને બાળકો જાગતા હતા. તે બંને એકબીજા તરફ જોઇ હસતાં હતા. ચીંટુએ પોતાની પાસે પડેલ રમકડું મંગળા તરફ નીચે ફેંકી દીધું. મંગળો તેની માં ના ખોળામાંથી નીચે સરકીને આવી ગયો. અને રમકડાંથી રમવા લાગ્યો. ચીંટુ થોડીવાર ચુપચાપ મંગળાનો જોતો રહ્યો.પછી એ પણ પગને સીટ પરથી લટકાવી નીચે આવી ગયો.

હવે બંને બાળકો રમતાં હતા. એક રૂપાળો અને સ્વચ્છ સુંદર સુખી કુટુંબનો અને બીજો નાગો પુગો દીન-હીન શ્યામ વર્ણનો. પણ તે બંનેમાં કયાંય કોઇ વર્ણભેદ પે પારસ્પરિક ઘૃણાનો ભાવ દેખાતો ન હતો. તેમાંથી એક રમકડાંને દૂર ફેંકતો અને બીજો લઇ આવતો હતો. પછી બીજો રમકડાંને ઉછાળે અને પહેલો લઇ આવે. વર્ણભેદની માનસિકતાવાળા તેમનાં માબાપ ગાઢ નિંદ્રામાં સુતા હતા. એ બંનેની વચ્ચે હું પહેલા બનેલી બધી ઘટનાઓને ભુલીને મંત્રમુગ્ધ થઇ આ બાળકોને જોઇ રહ્યો હતો. હવે મને મારી સીટ પર બેઠેલા લોકો પણ ગંદા અને ચીથરેહાલ લાગતાં ન હતા. સીટ પર હવે હું ખૂબ આરામપૂર્વક બેઠો હતો.

- vanvihari@gmail.com